# અનુસુચિત જાતિના પશુપાલકોનાં પશુ રહેણાક માટે કેટલ શેડ, પાણીની ટાંકી બનાવવા સહાયની યોજના (ગાય / ભેંસ વર્ગના ૨ પશુઓ માટે)- શરતો અને બોલીઓ

૧) પશુપાલકે આઇ–ખેડુત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું અથવા સંબંધિત તાલુકાનાં તાલુકા પશુ દવાખાના ખાતે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું જોઇશે.

૨) અનુસુચિત જાતિનાં ખેડુતો/પશુપાલકો આ યોજનાનો લાભ લઈ શકશે.

૩) પશુપાલક પાસે ઓછામાં ઓછા બે પશુઓ હોવા જોઇએ.

૪) પશુપાલક પાસે પોતાની માલીકીની જમીન/દસ (૧૦) વર્ષ કે તેથી વધુ સમય માટે ભાડા પટ્ટે લીધેલ જમીન અંગેનું કરારનામું રજુ કરવાનું રહેશે.

૫) માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો રજુ કરવાનો રહેશે.

૬) પશુપાલક રેશન કાર્ડ ધરાવતો હોવો જોઇએ.

૭) આ યુનિટની બાંધકામની મહત્તમ સમય મર્યાદા ૯૦ દિવસની રહેશે પરંતુ જો લાભાર્થી ૩૦ દિવસમાં કેટલશેડ બાંધકામની કામગીરી હાથ ન ધરે તો તેવા કિસ્સામાં લાભાર્થીને રોજકામ કરી રદ કરી શકાશે. તેમજ અન્ય ત્યારબાદ અરજી અમાન્ય ગણાશે.

૮) પશુપાલકે કેટલશેડ બાંધકામ માટે વપરાશમાં લેવાયેલ માલ મટીરીયલનાં બીલ તથા તમામ મજુરીના બીલ અથવા ખરીદ કરેલ સાધનોના બીલ આપવાના રહેશે.

૯) સંપુર્ણ કામગીરી પશુચિકિત્સા અધિકારીશ્રીએ જણાવેલ સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

૧૦) લાભાર્થીએ જરૂરી નિયત થયેલ બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

૧૧) લાભાર્થીએ પોતાનો બેંક એકાઉન્ટ જણાવવાનો રહેશે. જેથી તે નાણા તેમાં જમા થઇ શકે.

૧૨) નાણાનું ચુકવણું લાભાર્થીના આધાર લિન્કડ બેંક એકાઉન્ટમાં Direct Benefit Transfer Scheme માં તબદીલ કરવું.

૧૩) લાભાર્થી કેટલશેડનાં મજુરી(labour component)માટેનાં કોમ્પોનન્ટની સહાય જો ઈચ્છે તો મનરેગામાંથી સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ કચેરીમાં દાવો રજુ કરી શકશે.

૧૪) આ યુનિટની બાંધકામની મહત્તમ સમય મર્યાદા ૯૦ દિવસની રહેશે, પરંતુ જો લાભાર્થી ૩૦ દિવસમાં કેટલશેડ બાંધકામની કામગીરી હાથ ન ધરે તો, તેવા કિસ્સામાં કેટલશેડની કામગીરી લાભાર્થીની આપોઆપ રદ ગણાશે.

૧૫) કેટલશેડની રદ થયેલા લાભાર્થીની બાબત માટે વેઈટિંગ લીસ્ટના અગ્રતાક્રમ મુજબ લાભ આપવાનો રહેશે.

૧૬) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૧૭) સદર યોજનાની જોગવાઈની ૧૫ ટકા રકમ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ અને અનુસુચિત જાતિના બાવા જેવી અતિ પછાત જાતિઓના લાભાર્થીઓ માટે ખર્ચ કરવાની રહેશે, કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસુચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

૧૮) યોજનાના સુચારુ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.